## કોરોના સામે કલાકારો



### આમ ફાટી ન પડાય...

કોરોના કેમ થાય ? થોડું સમજાવે 'સાંઈ'
થોડી ધીરજ ધરાય, કાંઈ ફાટી ન પડાય
માથુ દુઃખે નાક વહે થોડી ખાંસી થાય
છીંક અને તાવ ગળામાં દુઃખે ભાઈ
શ્વાસ લેવામાં જેને પ્રોબ્લેમ થાય
શરદીને ખાંસી પરથી સમજી શકાય
હવાથી ફેલાતો નથી આ કોરોના
ગરમીમાં ટકતો નથી આ કોરોના
શેક હેન્ડ છોડી બધા કરો નમસ્તે
આફૂડો કોરોના ભાગે એના રસ્તે
એકબીજાનું જો ધ્યાન રાખે
કોરોના શું એના બાપુજી પણ ભાગે
થોડું સમજાવે 'સાંઈ' થોડી ધીરજ ધરાય
કંઈ ફાટી ન પડાય, કંઈ ફાટી ન પડાય

થૂંકો નહી છીંકો નહી ચારે બાજુ ભઈ
સાવચેતી રાખો જરા આજુબાજુ ભઈ
તુલસી મરી નો રોજ ઉકાળો પીવો
રાય અને મીઠાની નાસ લીયો
ગુગળ લોબાન રાય મીઠું લીંબડો
કપુર નગોળ ઘીના ધુપીયા કરો
ગાયના છાણાનો ધુપ યજ્ઞ કરો
વૈદિક ભારત બાજુ પાછા ફરો
હળદરને મીઠાના કોગળા કરો
કાળી દ્રાક્ષ ખાવ પછી લેર કરો

ટોળામાં જાવ નહી ઘરે રહોને ભાઈ
હોટલમાં ખાવ નહી ઘરે રહોને ભાઈ
અફવા ફેલાવો નહી ઘરે રહોને ભાઈ
જાજા ડાહ્યા થાવ નહી ઘરે રહોને ભાઈ
થોડું સમજાવે 'સાંઈ' થોડી ધીરજ ધરાય
કંઈ ફાટી ન પડાય, કંઈ ફાટી ન પડાય

ગુજરાતીઓએ જોયા કેટલા દુકાળ
હરાવી ન શક્યા એને તોય કદી કાળ
ત્સુનામી ભૂકંપ જોઈ મચ્છુ વિકરાળ
પ્લેગ જોયા વાવાઝોડા જાણે મહાકાળ
શાકાહારી બનવાનો કરો નિર્ધાર
ઝટ ઝટ માંસાહાર થાય તડીપાર

નિયમનું પાલન જો કરશો નહી,
તો રેશન કાર્ડમાં કોઈ વધશો નહી
મહામારીને હસી કાઢશો નહી
સીરીયસ થાવ પણ ડરશો નહી
આફતને હિંમતથી કરો હદપાર
તો ચાઈનાનો રોગ ટકે નહી જાજીવાર
કોરોનાથી ડરોના
સમજાવે 'સાંઈ' થોડી ધીરજ ધરાય
કંઈ ફાટી ન પડાય, કંઈ ફાટી ન પડાય
એમ કંઈ નો થાય
માતાજીની દયા ભાઈ

- સાંઈરામ દવે



### કોરોનાની હુંડી

કોરોના ભાગે જો જનતા સૌ જાગે કોરોના જરૂ ભાગે...
હે રાખો કાળજી ને આવો સૌ આગે તો કોરો ના જરૂ ભાગે...
કોરોના ભાગે જો જનતા સૌ જાગે કોરોના જરૂ ભાગે...
અરે હાથ મિલાવ નું છોડો બધા....
આ...આ.....આ...
અને છીંક આડો રાખો રુમાલ....
મોઢું, હાથ ને જો ધોયા કરો....ઓ....ઓ....
તોજ અટકશે આ ધમાલ....
અરે છોડો જાહેર મેળાવડા.....
અને હિમ્મત ની પ્રગટાવો મસાલ.....
અફવા ઓ થી વાલા તમે આઘા રહો.......
આમ સાવચેતી સૌથી મોટી ઢાલ.....
હે માસ મટન નો રાંધે.....
હે માસ મટન નો રાંધે માસ્ક બાંધે કોરોના જરૂ બાંધે...
હે રાખો કાળજી ને આવો સૌ આગે તો કોરો ના જરૂ ભાગે..
અરે ગાળું સુકાય અને શરદી થાય...
અને ખાસી આવે બવ ભારી.....
શાકાહારી જો સૌ કોઈ બને.....
એ.....એ.......એ......
તો ટળસે દુનિયામાંથી મહામારી......
અરે હવા થી આ નથી.....ઈ....ઈ....ઈ....
અને ગરમી માં તો ટકે નહિ સાવ.......
અરે ચાયના નો રોગ છે....
જાજો ટકે નઈ તમે બિલકુલ ના ગભરાવ...
હે ગરમ પાણી ના કોગળા.... આ...
હે ગરમ પાણી ના કોગળા....
થી ભાગે તો કોરોના જરૂ ભાગે....
હે માંગે માંગે ઈ કાળજી માંગે એટલે કોરોના જરૂ ભાગે....
કોરોના ભાગે જો જનતા સૌ જાગે કોરોના જરૂ ભાગે...
હે રાખો કાળજી ને આવો સૌ આગે તો
કોરો ના જરૂ ભાગે ભાગે ભાગે ભાગે ભાગે એ... હા....હા....

- કીર્તિદાન ગઢવી

# કોરોના સંદર્ભે જનજાગૃતિ અભિયાન



ગાંધીનગર, તા. ૨૦ સ્વર્ણ ભારત પીપલ ફોર હ્યુમેનીટી, એનિમલ એન્ડ એનવાયર્નમેન્ટ દ્વારા રાજ્યમાં જુદા જુદા સ્થળે કોરોના વાયરસથી બચવા સાવચેતીના પગલાં લેવા અંગે સંસ્થાના પ્રમુખ હિરલ રુડાચ તેમજ ઉપપ્રમુખ જાહર રૂડાચ ચારણ દ્વારા લોકોમાં સંતર્કતા અને સમજદારી સાથે જાગૃતતા વધે તેમજ કોઈ અફવાઓને ધ્યાને ન લે અને સરકારની માર્ગદર્શિકાને અનુસરે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

હાલ સ્વર્ણ ભારતના પ્રમુખ હિરલ રુડાચ ચારણ તેમજ જાહલ રૂડાચ ચારણ દ્વારા પોલીસ વિભાગમાં સેકટર-૭, સેકટર-૨૧, પોલીસ ભવન તેમજ જીઆઈડીસી ઉદ્યોગ ભવનમાં સવર્ણ ભારત દ્વારા માર્ગદર્શિકા વિતરીત આવી હતી.

**શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિક, ગાંધીનગર દ્વારા ખોડીયાર કેડ સેન્ટરના સહયોગથી યોજાયેલ**

# ક્રિકેટ ટુર્નામેન્ટ DPL-T10ની ફાઈનલ મેચ



ગાંધીનગર, તા. ૨૦ શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિક, ગાંધીનગર દ્વારા ખોડીયાર કેડ સેન્ટરના સહયોગથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને વિદ્યાર્થીઓ વચ્ચે ખેલ દિલી વિકસે તે અર્થે યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટ DPL-T10 માં ૧૫ માર્ચ ને રવિવાર ના રોજ સમગ્ર ક્રિકેટ ટુર્નામેન્ટ DPL-T10 ની ફાઈનલ મેચ આલ્ફા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી અને એલ. જે. પોલિટેકનિકના વિદ્યાર્થીઓ વચ્ચે રમવામાં આવી હતી. જેમાં આલ્ફા કોલેજની ટીમ વિજેતા થઈ હતી જ્યારે એલ. જે. પોલિટેકનિકની ટીમ રનર અપ જાહેર કરવામાં આવી હતી.

જેમાં સમગ્ર મેચમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ અંકિત રાવલને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા અને જેમને ટ્રોફી અને ઈનામ આપી ને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે સમગ્ર ક્રિકેટ ટુર્નામેન્ટ DPL-T10 માં ઉત્કૃષ્ટ અને સરહનીય દેખાવ બદલ એલ. જે. પોલિટેકનિકના વિદ્યાર્થી ઋષિ પટેલને મેન ઓફ ધી સિરીઝ જાહેર કરવામાં આવ્યા હતા. અને આ ખેલાડીને પણ ટ્રોફી અને ઈનામથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિકનો ધ્યેય, 'શિક્ષણ, સંસ્કાર સાથે સર્વાંગી વિકાસ' ને આગળ વધારતા સર્વાંગી વિકાસ અને એકતાના ઉદ્દેશ સાથે યોજવામાં આવેલ ક્રિકેટ ટુર્નામેન્ટ માં વિદ્યાર્થીઓ એ ખૂબ ઉત્સાહ અને આનંદભેર ભાગ લીધો હતો અને ખરા અર્થમાં શ્રી સ્વામિનારાયણ પોલીટેનિકનો ધ્યેય એક દૃષ્ટિએ સાકાર થયો હતો.

# ધોરણ ૧૨ પછી લૉની પરીક્ષા વિશે માહિતી આપશો




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

**૧.હું સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરું છુ. ટાઇમટેબલ બનાવ્યું છે છતાં એ પ્રમાણે અનુસરણ થઈ શકતું નથી. ટાઈમ મેનેજમેન્ટ કેવી રીતે કરવું?**

**- નીરવ ડાંગી, ગાંધીનગર**

તમે એક ખૂબ સરસ પ્રશ્ન



પૂછ્યો છે. મને ખાતરી છે કે આ માત્ર તમારો જ નહિ, પરંતુ તમારા જેવા બીજા ઘણા બધા વિદ્યાર્થી ઓ ને સતાવતો પ્રશ્ન છે. સૌથી વધારે મહત્વ ના અઘરા લાગતા મુદ્દાઓ ને સૌથી પહેલા એટલે કે સવાર ના સમય માં પુરા કરવા કે જેથી તાજણી પૂર્ણ દિમાગ જલ્દી થી એ મુદ્દા ઓ પર કામ કરી શકે. ઓછા સમય માં વધારે કામ થઇ શકે. 'ટાઈમ મેનેજમેન્ટ' વિષે ની વાત કરતા અમે હંમેશા 'ઇટ થેટ ફ્રોગ' વિષે વાત કરતો હોઉં છુ. સંક્ષિપ્ત માં કહું તો એ બીજું કઈ નહિ પરંતુ અગરુ લાગતું કામ દિવસ ની શરૂઆત માં કરવું એની સમજ છે. સમય સાચી દિશામાં વાપરવો ખુબ આવશ્યક છે. સમય નો સદુપયોગ એ તમારી સમસ્યા નું નિરાકરણ છે. દરરોજ સવારે તમે શું કરવા માંગો છો તે નક્કી કરો. પેપર પર 'ટુ-ડુ લિસ્ટ' બનાવો. સૂચિ ગોઠવો અને યોજના બનાવો. યોજના પ્રમાણે વાંચવાનું ચાલુ કરો. જે વિચાર્યું છે એ વાંચન પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉંઘવાનું નહીં. ટ્યૂશન એન્ડ શાળાની નાની મોટી બધી જ ટેસ્ટ આપવી. રોજ નું રોજ વાંચવાનું પૂરું કરવું. રોજ નું રોજ વાંચવાનું પૂરું કરવું. જે જે સ્કૂલ માં કે ટ્યુશન માં ચાલે એ બધું તે જ દિવસે યાદ કરી લેવાની ટેવ પોતાની જાત ને પાડવી. સવારે ૫:૦૦ વાગે ઉઠો અને શાળા એ જતા પહેલા ૧ કલાક વાંચો. ૧૫-૨૦ મિનિટ નો પણ સમય ક્યાંક મળે તો તેનો ઉપયોગ કરવો. રાત્રે સુતા પહેલા એટલી ખાતરી કરવી કે આજનું કાર્ય પૂર્ણ છે. જો ના થયું હોય તો કાલે જ પરીક્ષા છે એમ માની ને વાંચતા રહેવું. આટલુ કરી જુઓ. તમને પોતાને જ ફરક જણાશે. તમારી સમસ્યા દૂર થશે અને અભ્યાસ પ્રતિ આત્મવિશ્વાસ વધશે. ટૂંક માં આવતી કાલે જ પરીક્ષા છે એમ માની ને રોજ વાંચવું અને નિર્ધારિત કરેલ મુદ્દાઓ પર તૈયારી પૂર્ણ ન થાય ત્યાં સુધી ઊંઘી ન જવું. સ્વામી વિવેકાનંદ નું એક વાક્ય મને અહીં યાદ આવે છે કે 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી મંડ્યા રહો'. આશા છે કે તમે જવાબ થી સંતુષ્ટ થયા હશો.આ ઉપરાંત પણ તમને વધુ જાણકારી જોઈએ તો તમે અમને ઈમેઈલ કે વ્હોટ્સ એપ કરી શકો છો.

**૨. શુ ધો.૧૨ પછી લૉ અથવા એમ.બી.એ કરી શકાય?**

**- જ્યોતિ કટારા, ગાંધીનગર**

૧૨ પછી આપ લૉ અથવા મેનેજમેન્ટ ક્ષેત્રમાં નિઃસંદેહ જઈ શકો છો. બસ આપને આ ક્ષેત્રમાં રસ હોવો જોઇએ અને આ ક્ષેત્રમાં એક સફળ કરિયર બનાવવાની ધગશ હોવી જોઈએ. આપ આ વિકલ્પો ધ્વારા પણ આપનું કરિયર ઉજ્જવળ બનાવી શકો છો. આ માટેની પ્રવેશ પરીક્ષાઓ ધો.૧૨ પછી આપી શકાતી હોય છે. લૉ માટે સી.એલ.એ.ટી પ્રવેશ પરીક્ષા થકી ભારતભરની એન.એલ.યુ એટ્લે કે નેશનલ લૉ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠત યુનિવર્સિટીમાંથી આપ લૉ કરી શકો છો. એ સિવાય આપ એ.આઇ.એલ.ઈ.ટી.



(ઓલ ઇન્ડિયા લૉ એન્ટ્રન્સ ટેસ્ટ) તથા એસ.એલ.એ.ટી (સિમ્બાયોસિસ લૉ એડ્મીશન ટેસ્ટ) આપી આપ લૉ માટેની અન્ય પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાંથી લૉ (એલ.એલ.બી. સાથે બી.એ./બી.કોમ./બી.એસ.સી.) કરી શકો છો. એ સિવાય ઘણી બધી પરીક્ષા છે જે આપી આપ લૉ ના કોર્સમાં એડ્મીશન લઇ શકો છો. એમ.બી.એ માટે આપ આઇ.પી.એમ એટ્લે કે ઇન્ટેગ્રેટેડ પ્રોગ્રામિંગ ઇન મેનેજમેંટ નામની પ્રવેશ પ્રક્રિયા આપી આઇ.આઇ.એમ માં એડમિશન લઇ શકો છો.આપને જણાવી દઇએ કે ૧૨ંર પછી આ પાંચ વર્ષ નો કોર્ષ કરાવતી એક માત્ર આઇ.આઇ.એમ. ઇન્દોરમાં સ્થિત છે. તે સિવાય આપ ઉપર પ્રશ્ન ૧ માં જણાવેલ વિકલ્પોને પણ ધ્યાનમાં રાખી શકો છો. આપને જણાવવા માંગીશું કે એન.એલ.યુ. બેંગ્લોર, જે ભારતની નંબર ૧ લૉ કૉલેજ મનાય છે, તેમાં લગભગ ૫૦% વિદ્યાર્થીઓ સાયન્સ બેકગ્રાઉન્ડના હોય છે! આનાથી આપ ને ખ્યાલ આવશે કે સાયન્સના વિદ્યાર્થી થઇ ને પણ આપ લૉ માં કરિયર બનાવી શકો છો અને ઘન વિદ્યાર્થીઓ એચએએલ બનાવીજ રહ્યા છે. અન્ય એક મહત્વની વાત જણાવવા માંગીએ છીએ કે આપ ૧૨ સાયન્સ પછી બી.એસ.સી + એલ.એલ.બી. પણ કરી શકો છો જેથી આપ સાયન્સ અને લૉનો એક સાથે અભ્યાસ કરી શકો છો. આ પ્રવેશ પરીક્ષાઓમાં મુખ્યત્વે ગણિત, તાર્કિક, અંગ્રેજી તથા સામાન્ય જ્ઞાન ના પ્રશ્નો પૂછાતા હોય છે. જે માટે ની તૈયારી આપ અત્યારથી જ કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. બી.એસ.સી કર્યા બાદ એમ.એસ.સી કરવાનુ વિચારું છું.એમ.એસ.સી કર્યા બાદ કયા વિકલ્પો હોઈ શકે?**

**- રવિ પટેલ, અમદાવાદ**

રવિ,એમ.એસ.સી એટ્લે કે માસ્ટર ઇન સાયન્સ આપ બી.એસ.સી પૂર્ણ કર્યા બાદ કરી શકો છો જે બે વર્ષ નો કોર્સ હોય છે.હવે આપ આપનુ એમ.એસ.સી. આપના કોઇ પણ એક મનપસંદ અને આપની રુચિ



મુજબ સાયન્સના વિષયનું ચયન કરી તેમાં નિષ્ણાત બની શકો છો. વિષયો જેમ કે કેમીસ્ટ્રી, ફિઝિક્સ , મેથેમેટિક્સ ,માઇક્રો બયોલોજી વિગેરેમાં આપ તેમાં વિશેષજ્ઞતા મેળવી શકો છો. ઉપર જણાવેલ વિકલ્પોમાંથી એ વિષયમાં વિશેષજ્ઞતા મેળવવી ક જેમાં આપને પોતાનું કરિયર બનાવવામાં રસ હોય. એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ મોટાભાગના વિકલ્પોને બે ભાગમાં વિભાજિત કરી શકાય. એ) આગળ ભણવાનું બી) નોકરી (જોબ).

હવે એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ આપના માટે એકાધિક વિકલ્પ ઉપ્લબ્ધ છે જે આપ પસંદ કરી શકો છો. આગળ ભણવું હોય તો આપ તે ભારતમાં ભણી શકો છો અથવા તો વિદેશમાં પોતાનું ભણતર આગળ કરી શકો છો. સૌપ્રથમ વિકલ્પ છે પી.એચ.ડી. જો આપ આપના અભ્યાસને આગળ વધારવા માંગો છો તો આપ આ વિકલ્પ પસંદ કરી શકો છો. પી.એચ.ડી. થયા બાદ આપ રિસર્ચ (સંશોધન) અથવા તો શિક્ષણ જગત માં આગળ વધી શકો છો. આપ આગળ એમ.ફિલ. પણ કરી શકો છો. એમ.ફિલ. એ મોટાભાગે સંશોધન એટ્લે કે રિસર્ચ પર આધારિત હોય છે.અન્ય એક વિકલ્પ છે આપ કોઈ કંપનીમાં જોબ મેળવી શકો છો. એટ્લેકે આપ એમ.એસ.સી. બાદ પ્રાઇવેટ કક્ષાની જોબ મેળવી શકો છો. એમ.એસ.સી. કર્યા બાદ ખૂબ સારી તકો મળતી હોય છે. અન્ય એક વિકલ્પ મુજબ આપ કોઇ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટમાં સાયન્ટીફિક આસિસ્ટન્ટ તરીકે જોબ મેળવી શકો છો.અન્ય એક આ બધા થી અલગ પડ્તો અને પ્રચલિત વિકલ્પ છે ગવરમેન્ટ જોબ.આપ એમ.એસ.સી બાદ ગ્રેજ્યુએટ સ્તરની કોઇ પણ ગવરમેંટ (સરકારી) જોબ માટે અરજી કરી શકો છો. સરકારી નોકરીમાં પણ અલગ-અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની વાત કરીએ તો બેંકિંગ, એસ.એસ.સી (સ્ટાફ સિલેક્સન કમિશન) , જી.પી.એસ.સી , યુ.પી.એસ.સી વગેરે પરીક્ષા હોય છે જે આપ પોતાની પસંદગી અને લાયકાત મુજબ આપી શકો છો. જણાવેલ વિકલ્પો ઉપરાંત અન્ય વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આપ યોગ્ય મહેનત કરીને એક ઉત્કુષ્ઠ કારદિર્દી બનાવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercroner

## ડાયરેક્ટ ❤ સે

*"આખી જિંદગી આંકડા તમે માંડો અને છેલ્લે સરવાળો કોઈ બીજું જ કરી જાય એનું નામ નસીબ"*

## જન્મદિને વધામણી



**ભાવિન પટેલ**
સંચાલક, પનઘટ કલા કેન્દ્ર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૫૭૫૫૬



**નરેન્દ્રકુમાર શિવાભાઈ પટેલ**
મો.૭૬૯૮૮ ૯૨૯૨૨



**ગુંજન પટેલ**
મો.૯૪૦૯૨ ૮૪૩૧૭



**ડૉ. ભાગીરથી કેતન ભટ્ટ**
અધ્યાપક, રાષ્ટ્રભાષા કોલેજ,
એલિસબ્રિજ, અમદાવાદ
મો. ૯૪૨૬૫ ૭૨૦૪૧



**શોભનાબા એ. વાઘેલા**
ટ્રસ્ટી, શ્રી પ્રતાપસિંહજી
હિન્દી વિદ્યાલય, ગાંધીનગર
મો. ૯૪૨૮૨ ૧૭૫૪૮

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**



ઓલિમ્પિયાડ એકઝામમા જૈનમ અમીનને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો તાજેતરમાં મેથ્સ વિષય પર યોજાયલી ઓલિમ્પિયાડ એકઝામમાં મણીનગરની બેસ્ટ હાયર સેકન્ડરી પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીવિધાથી જૈનમ અમીને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.